# ડીસાના લાલચાલી વિસ્તારની સમસ્યા યથાવત

# પાલીકાના આળસુ સત્તાધીશો જાગશે ખરા...?

ડીસાના લાલચાલી વિસ્તારમાં ઠેરઠેર પડેલા ખાડાઓ તેમજ કચરાના ઢગ ખડકાયેલા છે. આ બાબતે અનેક વાર દૈનિક અખબારોમાં અહેવાલો છપાયેલા હોવા છતાં કુંભકરણ નિંદ્રામાં સુતેલા ડીસા નગરપાલિકા ના આળસુ કર્મચારીઓની ઉંઘ ઉડતી નથી.

વેપારી મથક ડીસાના ફુવારા નજીક આવેલ વિસ્તાર લાલચાલી માં જાહેર રાહદારી રસ્તાઓ ઉપર પાઈપલાઈન નાંખવા માટે પાડેલા ખાડાઓ પુરવાની હજુ સુધી કઈ જ કાર્યવાહી હાથ ધરાઈ નથી. આ બાબતે દૈનિક અખબારોમાં વારંવાર અહેવાલો છપાયેલા હોવા છતાં કોઈ જ કાર્યવાહી હાથ ધરાતી નથી. આ વિસ્તારમાં ગટરો પણ ખુલ્લી હોવાથી રાહદારીઓ તેમજ અબોલ પશુઓ ગટરોમાં પડે છે અને અહીં ઠેરઠેર કચરના ઢગ ખડકાયેવા છે છતાં પણ કોઈજ સફાઈ થતી નથી. જ્યારે આ વિસ્તારના મુકાદમ પણ વારંવાર આ જ રસ્તે થી નિકળતા હોય છે. છતાં શુ એમના ધ્યાને પણ કશું જ નહી આવતું હોય..?

ડીસા નગરપાલિકાના પ્રમુખશ્રી તેમજ ઉપપ્રમુખશ્રી જેઓએ પોતાના પદગ્રહણ સમારોહ ના દિવસે ડીસા શહેરની જનતાને સમગ્ર ડીસાની સફાઈ કરાવવાનો વિશ્વાસ આપેલ તેમજ બીજા દિવસે તેઓ જાતે પોતાની ટીમ સાથે ડીસાના ગાંધીચોક વિસ્તારમાં સફાઈ અર્થે નિકળેલ. તો ''નવું નવ દિવસ'' ની જેમ શું હવે તેઓ જનતાને આપેલ વચન ભુલી ગયા..? તેઓના ધ્યાને શું આ વિસ્તાર નહીં આવતો હોય..?

અહીના એક સ્થાનિક રહીશે નગરપાલિકા ના સત્તાધીશો સામે રોષ ઢાલવતા જણાવ્યું હતુ કે, અમારી દુકાન અહીં લાલચાલી વિસ્તારમાં આવેલ છે. અહીં ઠેરઠેર પડેલ ખાડાઓના કારણે અહીં અત્યારના વરસાદી સીજનમાં નિકળવું મુશ્કેલ બની જાય છે તેમજ પાલીકા દ્વારા અમારા વિસ્તારમાં કોઈજ પ્રકારની સફાઈ કરવામાં આવતી નથી. તેમજ અમારા વિસ્તારમાં બે થી ત્રણ શાળાઓ આવેલ છે અને આ પડેલા ખાડાઓમાં અનેક વખત અબોલ પશુઓ તેમજ રાહદારીઓ પડેલ છે. તો આ ખાડાઓમાં કોઈ નાનું બાળક પડી જાય તો તેની હાલત શું થાય તેમજ ગંદકીના કારણે નાના બાળકો રોગચાળામાં સપડાય અને બિમાર પડે તો જવાબદાર કોણ..? તો આ બાબતે સત્વરે તપાસ થાય તેવી અમારી માંગ છે.

વધુમાં સ્થાનિક રહીશોમાં જણાવ્યા મુજબ કે, અમો ડીસા નગરપાલિકાના આ વિસ્તારના મુકાદમને અનેક વખત મૌખીક રજુઆત કરવા છતાં આંખ આડા કાન કરી પોતાના જ કામમાં મશગુલ રહે છે. તેમજ અહીં આગળ મોટી ગટર આવેલ છે જ્યાં નગરપાલિકાના જ સફાઈ કામદારો પોતે જ અંદર કચરાની લારી ઠલવતા હોવાનું આસપાસના રહીશો દ્વારા જણાવેલ. ત્યાંથી પસાર થતી વખતે માથુ ફાટી જાય તેવી દુર્ગંધ આવે છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી જવા ના કારણે લોકો બિમારીના ભોગ બનતા હોવાના વાવડ મળે છે.

જ્યારે આરોગ્ય ખાતાએ પણ જાત તપાસ કરી ડીસા નગરપાલિકાને નોટીસ ફાળવવી જોઈએ.

તો આ બાબતે ભાજપના કબ્જામાં આવેલ ડીસા નગરપાલિકા ના સત્તાધીશો સજાગ બની ગામમાં દવાઓનો છંટકાવ તેમજ સફાઈ ઝુંબેસ ચલાવે તેવી ડીસાના રહીશોની ઉગ્ર માંગ છે.

## પાલનપુર અને વડગામ પંથકમાં નેશનલ ચેનલના નામે તોડ કરનારા લેભાગુ પત્રકાર પોલીસના હાથમાં જતો બચ્યો

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લામાં યલો જર્નલાઝીમ (પીળુ પત્રકારત્વ) માં ચિંતાજનક વધારો થવા પામતા સાચા પત્રકારો મુશ્કેલીમાં મુકાયા છે. અશિક્ષિત લોકો પત્રકારના વ્યવસાયમાં જોડાયા છે. જેમાં નાના મોટા વેપારીઓને છાપવાની તથા ચેનલમાં બતાવવાની બીક આપીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરનારાઓની જમાત વધતી જાય છે. જેમાં એક લેભાગુ પત્રકાર વડગામ પંથકમાં વેપારીનો તોડ કરવા ગયેલો. જે મામલો પોલીસમાં જાય તે પહેલા વડગામના કેટલાક પત્રકારોએ રફેદફે કરીને પત્રકાર આલમને લાગતો ડાઘ દુર કર્યો હતો.

પાલનપુરનો એક લેભાગુ પત્રકાર નાના મોટા વર્તમાન પત્રોમાં ફોટો ગ્રાફર તરીકે કામ કરીને આગળ આવેલો અને મીઠીવાણીમાં અનેકને ધંધે લગાડનાર યુવક પોતાના સ્વાર્થ સિદ્ધ કરવા સંબંધોને નેવે મુકીને સ્વાર્થ સિધ્ધ કરે છે. પાંચ દિવસ અગાઉ આ લેભાગુ પત્રકારને પાલનપુર શહેરમાં તમામ સારી રીતે ઓળખી ગયેલા હતા. એટલે વડગામ પંથકમાં પોતાનો કસબ અજમાવવા આવેલો અને વડગામના હસનપુરા ગામમાં આવેલ ફેક્ટરીના માલીકને નેશનલ ચેનલનું નામ આપી શુટીંગ કરીને મળવાનું જણાવેલ. ત્યાર બાદ વેપારીને ફોન કરીને પજવણી કરતા વેપારીએ સ્થાનીક પત્રકારનો સંપર્ક કરતાં આ લંપટ યુવકને શબક શીખાડવા વેપારી પોલીસમથકે જતો હતો બે લાખની માંગણીના સંદર્ભે પોલીસ કેસ કરવાનું વેપારી જણાવતા વડગામના પત્રકારોએ પત્રકાર આલમ બદનામ ન થાય તે માટે વેપારીને સમજાવીને કેસ ન કરવાનું કહીને પતાવટ કરી હતી. જિલ્લા પોલીસ વડા માહિતી વિભાગ જિલ્લા કલેક્ટર આવા લંપટો સામે પગલા ભરે તેવી માંગ છે.

## જુના ડીસામાં ભારત વિકાસ પરિષદ દ્વારા ગુરૂવંદના છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૨૧

જુના ડીસા પ્રાથમિક શાળા નં. ૫મા ભારત વિકાસ પરિષદ આયોજીત ગુરૂવંદન છાત્ર અભિનંદન ગુરૂપૂર્ણિમા નિમિત્તે સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત વિકાસ પરિષદના અગ્રણીય કાર્યકરો નાથાલાલ, મહેશભાઈ ભટ્ટ. જયેશભાઈએ સંસ્થાના કાર્ય વિસ્તૃત માહિતી આપી હતી. બાદમાં આજના તબક્કે શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે દિક્ષિત મોદી તેમજ શ્રેષ્ઠ શિક્ષક તરીકે શિલ્પાબેન ઠક્કરનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જુના ડીસા સરપંચ શાંતિલાલ બ્રહ્મભટ્ટ, એસ.એમ.સી.ના અધ્યક્ષ પરસોત્તમભાઈ પ્રજાપતિ તથા નટવરભાઈ પ્રજાપતિ, મહેશભાઈ અશ્વિનભાઈ, રમેશભાઈ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મારવાડા ગામે ગાડી પલટી ખાતા બનાસ ડેરીના સી.એ.નો આબાદ બચાવ



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૨૧

દાંતીવાડા તાલુકાના મારવાડા ગામે આજે વહેલી સવારે બિસ્માર માર્ગપરથી પસાર થતી એક ગાડી માર્ગ પરથી પલટી ખાઈ ગઈ હતી. જેમાં બેઠેલા બનાસ ડેરીના સી.એ.ના પરિવારના પાંચ સભ્યોને આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા તાલુકાના ડાવાસ ગામના વતની બનાસડેરીમાં સી.એ. તરીકે ફરજ બજાવતા ઈશ્વરભાઈ હરજીભાઈ પોત્રોડ આજે પોતાના ત્રણ છોકરા અને તેમના પત્ની સહિત કુલ પાંચ વ્યક્તિઓ કાર (જીજે ૮એઈ-૩૧૫૯)લઈને જેગોલ ગામે જઈ રહ્યા હતા.

દરમ્યાન દાંતીવાડા તાલુકાના મારવાડા ગામ પાસે માર્ગની બાજુમાં વરસાદી પાણીના ધોવાણથી પડેલ ખાડાના લીધે કાર પલટી ખાઈ ગઈ હતી અનો માર્ગમાંથી નીચે ઉતરી બે-ત્રણ ગુલાંટ ખાઈ ગઈ હતી અનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સત્વરે કારમાં સવાર પરિવારના પાંચેય સભ્યોનો આબાદ બચાવ થયો હતો. ઉલ્લેખનીય છે કે વારંવાર આ માર્ગ થતા નાના-મોટા અકસ્માતોમાં અનેક લોકો પોતાના જીવ ગુમાવે છે. તો માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ સત્વરે માર્ગનું નિરિક્ષણ કરી બિસ્માર સમારકામ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી છે.

## સરખેજ પાસેથી એક વ્યક્તિનો મૃતદેહ મળ્યો

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદના સરખેજ વિસ્તાર પાસેથી આવેલા સિનેમાના સામેના રસ્તા પાસે એક પુરૂષની લાશ મળી આવતા લોકોમાં ગભરાહટની લાગણી જન્મી હતી. તપાસ દરમ્યાન જાણવા મળ્યુંહતું કે આ લાશ જુહાપુરામાં રહેતા યાકુબભાઈ મહેબુબભાઈ પઠાણની છે પોલીસના સુત્રો જણાવ્યા અનુસાર ગઈ કાલે રાત્રે ૯:૩૦ વાગ્યે યાકુબભાઈ પોતાના ઘરે કોઈ કારણસર બહાર નીકળ્યા હતા અને એકાએક આજે સવારે તેમની લાશ મળી આવતા પરીવારજનોના શોકની લાગણી જન્મી હતી. શરૂઆતના તબક્કે આ લાશની ઓળખ અંગે ગુચવણ ઉભી થઈ હતી પરંતુ યાકુબભાઈની પુત્રીએ પોતાના પિતાની લાશને ઓળખી બતાવી હતી. અંદાજે સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ સરખેજથી સિનેમા મળી આવેલી યાકુબભાઈની લાશને પોસ્ટમોર્ટમ માટે સોલા સીવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અજાણી લાશ અંગે શરૂઆતમાં આજુબાજુના રહીશોએ પોલીસને જાણ કરી હતી પોલીસ તપાસ બાદ આ યુવકની ઓળખ પ્રાપ્ત થઈ હતી. આ મોત અંગે એવું મનાઈ રહ્યું છે કે તેમને હાર્ટ એટેક આવવાના કારણે તેમનું મોત નીપજ્યું હતું. પરંતુ હાલના તબક્કે પોસ્ટમોર્ટમ રીપોર્ટની રાહ જોવાઈ રહી છે.

## લેડી ડોન કંકુબેન માછીની કાર પર પત્થરમારો થયો

અમદાવાદ, તા. ૨૧

સંસ્કારનગરી ગણાતા એવા વડોદરા શહેરમાં કિશનવાડી વિસ્તારમાં લેડી ડોન તરીકે જાણીતા અને જીલ્લાના કોંગ્રેસ ઓબીસી પાંખના મહીલા પ્રમુખ કંકુબેન માછીની કાર ઉપર ટોળાઓ દ્વારા પત્થરમારો કરીને હુમલો કરાયાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં વાતાવરણ તંગ બની ગયું હતું. આ હુમલામાં ફક્ત ગાડીના કાચ જ તુટ્યા હતા જ્યારે કંકુબેનને કોઈપણ પ્રકારની ઈજા પહોંચી ન હોતી. કંકુબેન માછી ઉપર કિશનવાડી વિસ્તારના ભાજપના કાર્યકર કિશોર ગોદડીની હત્યાનો પણ આક્ષેપ કરાયો છે અને હાલ તેઓ જામીન પર છુટેલા છે

આજે સવારે કંકુબેન પોતાના વિસ્તારમાં આવેલી જમીનને જોવા ગયા હતા ત્યારે સ્થાનિક મહિલાઓ સાથે બોલાચાલી થઈ હતી ત્યારે એકાએક રોષે ભરાયેલા ટોળાએ તેમની ગાડીને ઘેરી વળીને પત્થરમારો શરૂ કર્યો હતો. આ પત્થરમારામાં ગાડીના કાચ તુટી ગયા હતા પરંતુ સમય સુચકતાને ધ્યાનમાં લઈને કંકુબેન માછીએ પોતાનો આબાદ બચાવ કરી લીધો હતો. આમ છતાં પણ આ ઘટનાને લઈને કિશનવાડી વિસ્તારનો માહોલ તંગ બની ગયો હતો અને નજીકના લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. આ ટોળા પર કાબુ મેળવવા પોલીસનો સહારો લેવાયો હતો. હાલમાં આ ઘટના અંગે કોઈપણ પ્રકારની જાણકારી પ્રાપ્ત થઈ નથી.

## ખેડબ્રહ્મા સિનિયર સિટિઝન્સ મંડળની બેઠક યોજાઈ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા સિનિયર સિટીઝન્સ મંડળની બીજી સામાન્ય બેઠક તાજેતરમાં એકલવ્ય નિવાસી શાળાના સભાખંડમાં પ્રમુખ કીર્તિકુમાર જોષીના અધ્યક્ષસ્થાને મળી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ખેડબ્રહ્મા કોલેજના આચાર્ય એન.ડી. પટેલ અતિથિ વિશેષ તરીકે પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ લીલાબેન સુથાર, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પી.ટી. પટેલ, શાન્તીલાલ પટેલ તથા પંકજભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં મંડળના સભ્ય ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં સૌ પ્રથમ મંડળના દિવંગત સભ્યો તથા ઉત્તરાખંડમાં કુદરતી પ્રકોપમાં નિધન પામેલ શ્રદ્ધાળુઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. બાદમાં મંડળના હિસાબો મંજુર કરવામાં આવ્યા હતા. સભાના અધ્યક્ષ કીર્તીકુમાર જોષીએ ૨૧ જુલાઈ સાબરકાંઠાના પનોતા પુત્ર અને કવિ સ્વ. ઉમાશંકર જોષીને યાદ કરી ભાવાંજલિ આપી હતી અને મંડળની આગામી પ્રવૃત્તિઓ અને વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. મંડળના ખજાનચી ગિણેકચંદ શર્માએ માનવ સેવા સંઘ દ્વારા પ્રકાશિત 'અનમોલ વચન' અને 'સાધન સૂત્ર' નામના પુસ્તકો સભ્યોને ભેટ આપ્યા હતા. સભાનું સંચાલન મંડળના મંત્રી ગંગારામ મિસ્ત્રીએ તથા આભારવિધિ શંકરલાલ સુથારે કરી હતી.

## શહેરી વિસ્તારો બાદ હવે ગ્રામ્ય વિસ્તારોમાં એનિમલ હોસ્ટેલ સ્થાપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ એનિમલ હોસ્ટેલ સ્થાપવા માટેની સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી છે. આ હોસ્ટેલ સ્થાપવા એ.પી.એમ.સી. પાસેથી સહાય મેળવવા માટેના પ્રયાસો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કૃષિ અને સહકાર વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં પશુઓની સાર સંભાળ રાખી શકાય તે માટે રાજ્ય સરકારે રાજ્યના શહેરી વિસ્તારોમાં એનિમલ હોસ્ટેલ સ્થાપવાનો નિર્ણય લઈને આ માટે એક યોજના પણ અમલમાં મુકીને તેનો બજેટમાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો આ બાબતને વહીવટી મંજુરી આપવા અંગેની પ્રક્રિયા કેટલે પહોંચી તે અંગેની સમીક્ષા સરકાર કક્ષાએ મળેલી એક બેઠકમાં કરવામાં આવી હતી. જેમાં કૃષિ અને સહકાર વિભાગના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે શહેરી વિકાસ વિભાગ દ્વારા શહેરની નજીકમાં એનિમલ હોસ્ટેલ સ્થાપવા માટે જમીન પુરી પાડવામાં આવે તો આ અંગે સત્વરે આગળ વધી શકાય તેમ છે.

આ બેઠકમાં ઉપસ્થિત મુખ્ય સચિવે એવું જણાવ્યું હતું કે સરકારનો દૃષ્ટિકોણ એવો છે કે માત્ર શહેરની નજીકમાં એનિમલ હોસ્ટેલ નહી સ્થાપતા ગ્રામ્ય વિસ્તારોમાં પણ એનિમલ હોસ્ટેલની સ્થાપની કરવી.

પશુપાલન વિભાગના અગ્રસચિવે એવું જણાવ્યું હતું કે એનિમલ હૉસ્ટેલ અંગે આપવાનો થતો ૧૦ ટકા લોકફાળો સંબંધિત મહાપાલિકા નગરપાલિકા દ્વારા આપવામાં આવે તો યોગ્ય રહે. તેમજ પશુઓના કલ્યાણ માટે કાર્યરત બિન સરકારી સંસ્થાઓની પણ આ માટે નાણાંકીય સહાય લઈ શકાય. પશુકલ્યાણ માટે કામ કરતી બિનસરકારી સંસ્થાઓ પાસેથી સહાય મેળવવા માટે સંબંધિત જિલ્લાના કલેક્ટરોને આ વ્યવસ્થા ગોઠવવા માટેની સૂચનાઓ સરકાર કક્ષાએથી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નાણાં વિભાગના અગ્ર સચિવે એનિમલ હોસ્ટેલ માટે સહાય મેળવવા માટે એવું સૂચન કર્યું હતું કે સંબંધિત મહાપાલિકા નગરપાલિકા ૧૦ ટકા લોકફાળા માટે સહાય કરે તે કરતાં સંબંધિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ આ અંગે સહાય કરે તે વધુ યોગ્ય રહેશે.

એનિમલ હોસ્ટેલ માટે જમીન મેળવવા અંગે કામ અને રોજગાર વિભાગના અગ્ર સચિવે એવું સૂચન કર્યુ હતું કે કેટલીક મહાનગરપાલિકા અને નગરપાલિકાને સંલગ્ન બહોળી ખુલ્લી જમીનો છે જેને એનિમલ હોસ્ટેલ માટે સાંકળીને એક યોગ્ય આયોજન કરી શકાય.

અંતમાં ચાલુ નાણાંકીય વર્ષના ત્રણ માસ પૂર્ણ થવા આવ્યા છે. ત્યારે જે અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી આપવાની બાકી હોય તેને સત્વરે પૂર્ણ કરવા માટે સૂચના આપવામાં આવી છે. અને એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે સમયસર અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી આપવામાં નહી આવે તો જોગવાઈ મુજબ ખર્ચ ન થઈ શકે તેવુ બનશે.

## જામનગરમાં મકાનમાં આગ લાગતા બે બળીને ભડથું થયા

જામનગર, તા. ૨૧

જામનગર શહેરના ગોકુળનગરના પાળખા શેરી વિભાગમાં આવેલ એક મકાનમાં એકાએક લાગવાની ઘટનામાં બે વ્યક્તિના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. જેને લઈને સમગ્ર પંથકમાં ઘબરાહટનો માહોલ છવાઈ ગયો હતો. એકાએક મકાનમાં લાગેલી આગને કાબુ મેળવવા નજીકના રહીશો દ્વારા ફાયરબ્રિગેડની ટીમને તાત્કાલીક જાણ કરવામાં આવી હતી. ગણતરીની મિનિટોમાં જ ફાયરબ્રિગેડના જવાનોએ આગ પર કાબુ મેળવ્યો હતો. પરંતુ ઘરમાં રહેલ બે વ્યક્તિને બચાવી શકાયા નહોતા જેમની ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. મૃત વ્યક્તિને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. સુત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર જામનગર ગોકુળનગરના પાળખા શેરી વિભાગના એક મકાનમાં નર્મદાબેન નામની મહિલા અને શૈલેષભાઈ નામના વ્યક્તિના આગમા મોત નીપજ્યા છે.

## માસુમ બાળકી પર પાડોશી યુવક દ્વારા દુષ્કર્મથી ચકચાર

અમદાવાદ, તા. ૨૧

ગોધરા જીલ્લાના બગીડોળ ગામ પાસે એક યુવક દ્વારા પોતાના જ ફળીયામાં રહેતી ત્રણ વર્ષીય બાળકી ઉપર દુષકર્મ ગુજાર્યાની ઘટના સામે આવતાં સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી હતી. ગઈકાલે બપોરે બાળકી પોતાના ઘરે બિસ્કીટ ખાઈ રહી હતી ત્યારે પોતાના જ ગામમાં રહેતો આરોપી એવા ભીખાભાઈ મંગળભાઈ પરમાર બાળકીને પોતાની પાસે બોલાવી હતી અને પોતાના ઘરમાં લઈ જઈને તેના ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. બાળકીની એકાએક બૂમથી બાળકીની માતાએ ત્યાં આવી પહોંચી હતી. ત્યારબાદ પોતાની બાળકી ઉપર દુષકર્મ બદલ પોલીસને આ બનાવ અંગેની જાણકારી આપી હતી. પોતાના જ ગામમાં થયેલ આ દુષકર્મથી અન્ય ગામજનોમાં ભારે રોષની લાગણી જન્મી હતી. પોલીસ અધિકારીએ બળાત્કાર અંગેનો ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીને કોર્ટમાં રજુ કરાયા બાદ તેને ગોધરા સબ જેલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઉપરાંત એવી પણ ચર્ચા થઈ રહી છે કે બાળકી સાથે દુષકર્મ થયું નથી. પરંતુ આ બાબતનો ઉકેલ લાવવા માટે બાળકીને મેડીકલ ચેકઅપ માટે હોસ્પીટલમાં મોકલવામાં આવી હતી. જ્યાં તપાસ બાદ બાળકી ઉપર બળાત્કાર થયો છે કે નહીં તે અંગેનો ખુલાસો થશે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601